આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તમે તમારી જાતને મહાન માનતા હોય તો તેનું પ્રદર્શન કરવાની ભૂલ ન કરતા।
- અરબી કહેવત

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૨૩ | ૪ ફેબ્રુઆરી, ૨૦૧૪, મંગળવાર; મહા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● વિશ્વની સૌથી સુંદર મહિલાઓમાં ઐશ્વર્યા રાય ચોથા ક્રમે**

ઓનલાઈન મેગેઝીન



હોલીવુડ બઝ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં બોલીવુડ એક્ટ્રેસ ઐશ્વર્યા રાય બચ્ચનને વિશ્વની ચોથા નંબરની સૌથી સુંદર સ્ત્રી તરીકે પસંદ કરવામાં આવી હતી. ૩૦ સૌથી સુંદર મહિલાઓમાં પહેલા નંબરે ઈટાલિયન અભિનેત્રી મોનિકા બેલુચી, બીજા નંબરે અમેરિકન મોડલ-એક્ટ્રેસ કેટ અપ્ટોન તથા ત્રીજા નંબરે હોલીવુડ સ્ટાર એન્જીલીના જોલી છે.

**● હવે એસએમએસ, ટ્વિટ સંદેશાઓ સાંભળી શકાશે**

મોબાઈલ ટેકનોલોજી હરણફાળ ભરી રહ્યા છે. તાજેતરમાં જ જર્મનીની ટેકનિક યુનિવર્સિટીના સંશોધનકારોએ બુમબ્રુમ નામનો પ્રોગામ તૈયાર કર્યો છે. જેમાં તમે અવાજથી આવતા મેસેજ સમજી શકશો. આ ટેકનિકની વિશેષતા એ છે કે તમારા મેસેજ ફક્ત તમે જ સાંભળી શકશો. જે વ્યક્તિઓની દૃષ્ટિ નબળી હોય અથવા અંધ હોય તેમના માટે આ ટેકનોલોજી આશિર્વાદરૂપ નીવડશે.




# પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ૨૨૫ તાલુકા શિક્ષણાધિકારીઓની ભરતી કરાશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત સરકારે પ્રાથમિક શિક્ષણમાં શૈક્ષણિક ગુણવત્તામાં તથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ૨૨૫ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓની જગ્યા ઉભી કરવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ વિભાગના સત્તાવાર સાધનોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજ્ય સરકારે નવી દિલ્હીના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનલ એડમીનીસ્ટ્રેશનને ગુજરાતની પ્રાથમિક શિક્ષણની વર્તમાન વ્યવસ્થા અને તાલુકા કક્ષાએ પ્રાથમિક શિક્ષણને લગતા પ્રશ્નોનો ઊંડાણથી અભ્યાસ કરી અહેવાલ આપવા જણાવ્યું હતું. નૂપાએ આ અંગે અભ્યાસ કરી રાજ્ય સરકારને સોંપ્યો છે અને તેણે કરેલી ભલામણને પગલે સરકારે આ નવી જગ્યાઓ મંજૂર કરી છે.

મળતી વિગતો મુજબ રાજ્ય સરકારે હાલ તાલુકા કેળવણી નિરીક્ષકોની ૨૨૫ જગ્યાઓ, અપગ્રેડ કરીને તાલુકા પ્રા. શિ. અધિકારી વર્ગ-૨ ની નવી જગ્યાઓ મંજૂર કરી છે. હાલ આ જગ્યાઓ ભરવા માટેના ભરતી નિયમો તૈયાર કરવાની કાર્યવાહી ચાલતી હોવાથી આ જગ્યાઓનો હવાલો તા.કે.નિ.ને સોંપવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે જે તાલુકામાં તાલુકા કેળવણી નિરીક્ષકની જગ્યા ખાલી હોય ત્યાં તે તાલુકાના બીટ નિરીક્ષકોને કામચલાઉ ધોરણે આપવો.જે તાલુકામાં બીટ નિરીક્ષકની જગ્યા પણ ખાલી હોય ત્યાં મુખ્ય શિક્ષકને બીટ નિરીક્ષકનો ચાર્જ સંભાળતા હોય તેમને આ ચાર્જ આપવાનો રહેશે નહિ તેવી સ્પષ્ટતા પણ સૂત્રોએ કરી છે.

શિક્ષણના સાર્વત્રિકરણ, ઉપેક્ષીત સમુદાયને શિક્ષણની સમાન તક આપવા અને શૈક્ષણિક નિષ્પત્તિની સુધારણાના ઉદ્દેશ્ય હેતુસર આ જગ્યાઓ ઉભી કરવામાં આવી છે. આ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ તાલુકા પંચાયતથી અલગ રહી ફરજો બજાવવાની રહેશે. આ તાલુકા પ્રા. શિક્ષણાધિકારીઓએ આર.ટી.ઈ. એક્ટનું અમલીકરણ પણ જોવાનું રહેશે.

તાલુકા પ્રા. શિક્ષણાધિકારીશ્રી સર્વ શિક્ષા હેઠળની તમામ કામગીરી માટે તાલુકા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર તરીકેની ફરજ બજાવશે. આ અધિકારી મુખ્ય શિક્ષકો તેમજ શિક્ષકો અને બિન શૈક્ષણિક સ્ટાફને લગતી સેવા વિષયક અને તેને સંલગ્ન બાબતોની કામગીરી કરવાની રહેશે.

આ અધિકારીઓને સરકારશ્રીની સૂચનાઓ અને નિયમો અનુસરીને તાલુકાકક્ષાએ શિક્ષકોની બદલી કરવાની સત્તા પણ સોંપવામાં આવી છે. આ ઉપરાંત શિસ્ત વિષયક અને શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટેની કામગીરી પણ કરવાની રહેશે.

આ અધિકારીઓએ તાલુકા

● અનુસંધાન પાન-૭ પર

## લગ્નગ્રંથીથી જોડાયેલા છીએ



આથી અમો નીચે સહી કરનાર (૧) **નીકીતા હર્ષદભાઈ પટેલ**, રહે. ડી-૩૫/૧, કાપ ટાઉનશીપ, અનુમાલા, વ્યારા, જી. તાપી, (૨) **દિપેન અમૃતલાલ ફળદુ (પટેલ)**, રહે. પ્લોટ નં. ૪૩૮/એ/૧, ગીતાંજલી પાર્ક, સેક્ટર-૮, ગાંધીનગરનાઓએ ગઈ તા. ૧૬/૧/૨૦૧૪ના રોજ અમરેલી મુકામે લગ્નગ્રંથીથી જોડાયેલા છીએ અને સદર લગ્નની નોંધણી મેરેજ રજીસ્ટ્રારશ્રી અને ચીફ ઓફીસર, અમરેલી નગરપાલિકા સમક્ષ લગ્ન રજીસ્ટરના ભાગ-૧ના ક્રમ નંબર : ૫૩થી કરવામાં આવેલ છે અને અમો બંને કાયદેસરના પતિ-પત્ની થયેલા છીએ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**સહી/- નીકીતા હર્ષદભાઈ પટેલ**
**સહી/- દિપેન અમૃતલાલ ફળદુ (પટેલ)**

WORLD BIG Cinemas




R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj

Jai Ho (U/A) - 10.30 am, 12 noon, 1.30, 3.00, 4.30, 6.00, 7.30, 9.00 & 10.30 pm

*schedule subject to change

telebooking 09377458281

www.bigcinemas.com facebook.com/BigCinemasIndia

## ગુજરાત સરકારમાં નોકરી મેળવો..!

GPSC **Dy. SP / DC / મામલતદાર / TDO / SO** GPSC

❑ લાયકાત : ગ્રેજ્યુએટ (સ્નાતક) ❑ ઉંમર : (21 થી 30) વર્ષ

**20 વર્ષથી સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...**

વર્ષ 2000 GPSC વર્ગ (1/2) (P/M/I) સરેરાશ પરીણામ 97%

26.1.1994 થી 2014 સુધીનું સ્પર્ધાત્મક પરીક્ષાઓનું સરેરાશ પરીણામ 94.37%

વર્ષ 2006-07 GPSC વર્ગ (1/2) (P/M/I) સરેરાશ પરીણામ 98%

તમામ કોર્ષમાં સંપૂર્ણ સાહિત્ય FREE

20 વર્ષના અનભવી પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ

નવી પરીક્ષા પદ્ધતિ મુજબનું શિક્ષણ

સોમ થી શુક્ર દરરોજ ૨ કલાક નું શિક્ષણ

GS / TOR / ગણિત / અંગ્રેજી તથા ગુજરાતી (સાહિત્ય / વ્યાકરણ) જેવા તમામ વિષયોની સંપૂર્ણ વિસ્તૃત-હેતુલક્ષી શિક્ષણ...

**GPSC વર્ગ (1/2) પ્રિલિમ પરીક્ષા માટે**

**ગાંધીનગર શાખા માટે**

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 14.02.2014 | સવારના 9-30 થી 11-30 | સોમ થી શુક્ર |
| 21.02.2014 | રાત્રીના 7-30 થી 9-30 | સોમ થી શુક્ર |
| 02.03.2014 | સવારના 9-15 થી 12.15 | શનિ / રવિ |
| 16.02.2014 | બપોરના 12-15 થી 3-15 | શનિ / રવિ |
| 08.03.2014 | બપોરના 11-45 થી 2.45 | સોમ થી શુક્ર |

**મહેસાણા શાખા માટે**

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 14.02.2014 | સાંજના 6-00 થી 9.00 | શનિ / રવિ |
| 21.02.2014 | બપોરના 2-00 થી 4.00 | શુક્ર થી મંગળ |

GPSC વર્ગ (1/2) (પ્રિલિમ પરીક્ષા માટે) ફી માત્ર ₹ 28,000/-

**મર્યાદીત સંખ્યા**

વર્ગ-૩ : તલાટી / પંચાયત કલાર્ક - તલાટી / ડેટા એન્ટ્રી ઓપરેટર / કોન્સ્ટેબલ / ના.ચીટનીસ તથા અન્ય વર્ગ-3 કક્ષા માટે

**"માસ્ટર કોર્ષ-2014"**

ફી માત્ર ₹ 16,000/- (F) ₹ 18,000/- (M)

ટેસ્ટ / માસ્ટર ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ

**TCCI EDUCATION PVT. LTD.®**

*૨૦ વર્ષથી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા....*

**ગાંધીનગર - 9537614606,** પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 4.30)

**મહેસાણા - 9537614607** પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી 4)



શ્રીમતી સોનિયા ગાંધી
અધ્યક્ષ, યૂપીએ



ડૉ. મનમોહન સિંહ
વડાપ્રધાન

# સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ સાહસિકો માટે ₹6,84,797 કરોડની ધીરાણ અને લોન સુવિધાઓ

- વડાપ્રધાનના રોજગાર નિર્માણ કાર્યક્રમ અંતર્ગત 20 લાખથી વધુ લોકોને લઘુ ઉદ્યોગ સાહસોમાં નોકરીની તકો પૂરી પાડી
- EPF કાનૂન અંતર્ગત કુલ યુનિટ્સ ના 2003 ના 3.45 લાખમાં વધારો કરીને 2013માં 7.3 લાખ કર્યા
- લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસિકો માટે અલગ સ્ટૉક એક્સચેન્જ ઉભો કરવા SEBI એ મંજૂરી આપી

ભારત નિર્માણનો પુરાવો

જન જનને સ્પર્શે, જન જીવનને બદલે

davp 22111/13/0230/1314